eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 325
September 07, 2012

## કવિ શ્રી નર્મદની ૧૮૦ મી જન્મ જયંતીની ક.ન.મ.પુસ્તકાલય ખાતે થયેલ ઉજવણી



તા. ૨૪/૦૮/૨૦૧૨ના રોજ સુરત શહેરના મહાન સપૂત અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિ શ્રી નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે, 'કવિ નર્મદ' ની ૧૮૦ મી જન્મ જયંતી તેમજ સુરત મહાનગરપાલિકા નિર્મિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ૨૨ મા સ્થાપના દિન નિમિત્તે ક.ન.મ.પુસ્તકાલય ખાતે સાદગીપૂર્ણ વાતાવરણમાં પુસ્તકાલયના વરિષ્ઠ વાચક સભ્ય અને અન્ય નિયમિત વાચકોની ઉપસ્થિતીમાં દિપ પ્રાગટય તથા કવિ નર્મદની પ્રતિમાને સૂતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૧/૦૯/૨૦૧૨ ના રોજ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસાયટી પાસે, કાપોદ્રા, વરાછા, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો જે પૂર્વે ભૂતપૂર્વ મેયર અને સાંસદ સ્વ.કાશીરામભાઈ રાણાના દુ:ખદ નિધન થવાથી બે મીનીટનું મૌન પાડવામાં આવેલ હતુ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૪/૯/૨૦૧૨ ના રોજ કતારગામ વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના સમતોલ વિકાસ માટે વિવિધ પ્રકલ્પોની સાથે સાથે શહેરીજનોના સ્વાસ્થ્ય, પર્યાવરણની જાળવણી માટે ગાર્ડન તથા સિનિયર સિટીજનો માટે શાંતિકુંજ બાગ તથા નાના ભુલકાઓ માટે ચિલ્ડ્રન પાર્કનું આયોજન કરવામાં આવેલ છે. જેના સંદર્ભે તા. ૪/૯/૨૦૧૨ ના રોજ કતારગામ વિસ્તારમાં લલીતા ચોકડી તથા પારસ સ્કુલ પાસે શાંતિકુંજ બાગની લોકાર્પણવિધિ તથા ન.પ્રા.શિ.સમિતિ સંચાલિત પારસ શાળામાં પીપીપી ધોરણે સી.સી.ટીવી કેમેરાની લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્દહસ્તે કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગર–પાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી સઘન કરવામાં આવેલ છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

# કવિ શ્રી નર્મદની ૧૮૦ મી જન્મ જયંતીની ક.ન.મ.પુસ્તકાલય ખાતે થયેલ ઉજવણી



તા. ૨૪/૦૮/૨૦૧૨ ના રોજ સુરત શહેરના મહાન સપૂત અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિ શ્રી નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે, 'કવિ નર્મદ' ની ૧૮૦ મી જન્મ જયંતી તેમજ સુરત મહાનગરપાલિકા નિર્મિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ૨૨ મા સ્થાપના દિન નિમિત્તે ક.ન.મ. પુસ્તકાલય ખાતે સાદગીપૂર્ણ વાતાવરણમાં પુસ્તકાલયના વરિષ્ઠ વાચક સભ્ય અને અન્ય નિયમિત વાચકોની ઉપસ્થિતીમાં દિપ પ્રાગટય તથા કવિ નર્મદની પ્રતિમાને સૂતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ શુભ અવસરે પુસ્તકાલય ખાતે રંગબેરંગી સુશોભન કરી, કવિ નર્મદની જીવન ઝરમર તેમજ તેઓશ્રી દ્વારા ગુજરાતી સાહિત્યને પ્રદાન કરવામાં આવેલ પુસ્તકો સહિત સ્વામી વિવેકાનંદ અને ડો. બાબા સાહેબ આંબેડકરના જીવન ચરિત્રને લગતા પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવેલ. તદઉપરાંત, સુરત શહેરના પુસ્તક પ્રેમી દાતાઓ તરફથી ભેટમાં મળેલ પુસ્તકો વધુને વધુ વાચકો સુધી પહોંચે તેવા આશયથી 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગત વહેલા તે પહેલાના ધોરણે પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. જેને વાચક સભ્યો તથા મુલાકાતીઓ તરફથી સુંદર પ્રતિભાવ સાંપડેલ હતો.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૧/૦૯/૨૦૧૨ ના રોજ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસાયટી પાસે, કાપોદ્રા, વરાછા, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો જે પૂર્વે ભૂતપૂર્વ મેયર અને સાંસદ સ્વ.કાશીરામભાઈ રાણાના દુઃખદ નિધન થવાથી બે મીનીટનું મૌન પાડવામાં આવેલ હતુ.

આ પ્રસંગે ડે.મેયર શ્રીમતિવર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રીભીમજીભાઈ પટેલ, નગર નિયોજન સમિતિ અધ્યક્ષ શ્રીકાંતિભાઈ ભંડેરી, મ્યુનિ.સદસ્ય શ્રીઘનશ્યામભાઈ નાકરાણી, શ્રીપ્રવિણભાઈ ઘોઘારી, શ્રીબાબુભાઈ જીરાવાલા, શ્રીવિનોદભાઈ ગજેરા, મ્યુનિ.સદસ્યા શ્રીમતિદેવિકાબેન જાદવાણી, શ્રીમતિરજંનબેન વેકરીયા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત એસ. દેસાઈ, વરાછાઝોનના કાર્યપાલક ઈજનેર શ્રીઆર.વી.ગામીત, શ્રીપી.ડી.મુન્શી, નાયબ આરોગ્ય અધિકારી ડો.એમ.એન.પટેલ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કરંજ / હીરાબાગ/ પુણા / વરાછા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ. ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કરંજ શહેરી આરોગ્યકેન્દ્ર ની આસપાસના વિસ્તારના <u>**કુલ ૬૧૩**</u> લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા **૧૬૫**, ચામડીના નિષ્ણાત દ્વારા **૧૭૫**, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા **૩૫**, બાળરોગ નિષ્ણાત દ્વારા **૩૪**, ફિઝીશ્યન દ્વારા **૧૦૩**, સર્જન દ્વારા **૩૫**, મેડીકલ ઓફીસર દ્વારા **૬૬** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા તાવના **૧૩** દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસના **૦૬** પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. **૬૯** દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. **૪૦૦૦** પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ **૨૦૦**, ઓરલ પીલ્સ **૧૬** પેકેટ, આર્યન ફોલીક **૧૦૦૦** ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા **૧૨** બાળકને બી.સી.જી., **૪૨** બાળકોને ડીપીટી, ૪૨ બાળકોને પોલીયો, હીપેટાઈટીસ–બી **૪૨**, ઓરી–**૦૩**, વીટામીને એ – **૨૨૯**, રસી આપવામાં આવી હતી તથા **૨૦૦૦** કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર શ્રીએમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ. દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

<u>**નોંધઃ–**</u> આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા. ૦૮/૦૯/૧૨ ના રોજ ઉધના શહેરી આરોગ્ય કેન્દ્ર, જોગણી માતાના મંદિર પાસે, ઉધના, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

**TOP**

# સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૪/૯/૨૦૧૨ ના રોજ કતારગામ વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના સમતોલ વિકાસ માટે વિવિધ પ્રકલ્પોની સાથે સાથે શહેરીજનોના સ્વાસ્થ્ય, પર્યાવરણની જાળવણી માટે ગાર્ડન તથા સિનિયર સિટીજનો માટે શાંતિકુંજ બાગ તથા નાના ભુલકાઓ માટે ચિલ્ડ્રન પાર્કનું આયોજન કરવામાં આવેલ છે. જેના સંદર્ભે તા. ૪/૯/૨૦૧૨ ના રોજ કતારગામ વિસ્તારમાં લલીતા ચોકડી તથા પારસ સ્કુલ પાસે શાંતિકુંજ બાગની લોકાર્પણવિધિ તથા ન.પ્રા.શિ.સમિતિ સંચાલિત પારસ શાળામાં પીપીપી ધોરણે સી.સી.ટીવી કેમેરાની લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્દહસ્તે કરવામાં આવેલ છે. લલીતા ચોકડી ખાતે શાંતિકુંજ બાગ આશરે ૧૦ લાખના ખર્ચે સુરત મહાનગરપાલિકા ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે. તથા પીપીપી પ્રોજેકટ મુજબ ચિલ્ડ્રન પાર્ક અંગે આશરે ૬ લાખ, શાંતિકુંજ બાગ માટે ૮ લાખ તથા શાળામાં મુકવામાં આવેલ સીસી ટીવી કેમેરા અંગે ૧૦ લાખનો ખર્ચ રામકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ ધ્વારા કરવામાં આવેલ છે.

આ પ્રસંગે ન.પ્રા.શિ.સમિતિ શાળા ખાતે મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલે જણાવ્યું હતું કે મા.મુખ્યમંત્રીશ્રીના આ જનલોકભાગીદારી પ્રોજેકટમાં લોકોનો સારો સહકાર મળતો હોવાનું જણાવી સુરત મહાનગરપાલિકા પીપીપી ધોરણોના પ્રોજેકટોને આગળ ધપાવવા અથાગ પ્રયત્નો કરી રહયું છે. જેનો ભવિષ્યમાં શહેરીજનોને લાભ પ્રાપ્ત થશે તેમ જણાવેલ. મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ પોતાના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે સુરત શહેરના વિકાસમાં ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝનો ફાળો અમુલ્ય છે. જેના લીધે સુરત મહાનગરપાલિકાના પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ પ્રોજેકટ મુજબ નવા પ્રકલ્પોના વિકાસમાં સહાયરૂપ થાય તેમ છે. તથા આ પ્રોજેકટોમાં શહેરીજનોનો સહકાર મળી રહે તેવી આશા વ્યકત કરી હતી.





આ પ્રસંગે ડે.મેયર શ્રીમતી વર્ષાબેન રાણા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ,મ્યુ.કમિશનરશ્રી એમ.કે.દાસ, વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ તેમજ વોર્ડ સદસ્યોશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, રામકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટના ટ્રસ્ટશ્રીઓ તથા શહેરનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી સઘન કરવામાં આવેલ છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઓગષ્ટ ૨૦૧૨ દરમ્યાન ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૧૭,૨૨,૭૬૯ ઘરોમાંથી કુલ ૧૫,૦૪૨ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૫૮૭૫, એડીસ ૭૬૪૧, કયુલેકસ ૯૯, અને મીશ્ર ૧૪૨૭ બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો ટેમીફોસ નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટીક(એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૭૭૩૬ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૨૬૭૭, એડીસ ૫૦૪, કયુલેકસ ૨૯૬૬ અને મીશ્ર ૧૫૮૯ બ્રિડીંગ મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતું હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા કુલ ૨૨૮૬ ટાયરો, ૩૫૧ પીપ,૮૦ કેરબા/ડ્રમ, ૨૩૪૦ માટલા, ૧૩૯૩ પ્લાસ્ટીક ડબ્બા અને ૪૭૩૬ અન્ય કન્ટેઈનર મળી કુલ ૧૧૬૮૬ કન્ટેઈનરોનો નાશ કરવામાં આવેલ છે. શહેરનાં ૭૮૪૨ બાંધકામ ચેક કરવામાં આવ્યા તેમ જ ૫૫૩૬ નોટિસો આપવામાં આવી અને ૫,૪૦,૧૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૧૫૧ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૧૯ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૯૮૬ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતા સર્વે દરમ્યાન જોવા મળેલ મચ્છરનાં ઉત્પત્તિ સ્થાનોમાંથી મોટા ભાગના ઉત્પત્તિ સ્થાનો મકાનોની છત ઉપર, પાણીના ભરાવા તેમજ પડી રહેલા નકામા કન્ટેઈનરો, માટલાઓ તેમજ ટાયરોમાં જોવા મળે છે. તદ્દઉપરાંત દરેક લોકો પોતાના ઘર પરથી આ પ્રકારનાં કન્ટેઈનરો કે જેમાં વરસાદી પાણી ભરાઈ રહે છે, તેનો નિકાલ કરે તો ડેન્ગ્યુ, મેલેરિયાના ફેલાવાને નાથવામાં મહાનગરપાલિકાને ઘણી જ સરળતા રહે તેમ છે. તેમજ લોકો પોતાના ઘરની આજુબાજુ રહેલા વરસાદી પાણીના ભરાવાનો નિકાલ અને પોતાના ઘરની પાણીના સંગ્રહ માટેની ટાંકીને હવાચુસ્ત ઢાંકણ વડે બંધ રાખવી જેથી ડેન્ગ્યુ, મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરછોની ઉત્પત્તિ અટકાવી શકાય. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ, મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP